નમસ્કાર ગાંધીનગર

પમરાટ

ઘરે
રજાના દિવસે બપોરે
થયું મને
કેં ઠીકઠાક ગોઠવું
ત્યાં છાજલીમાં ચીજને ખસેડતાં
અજાણતાં સ્હેજ અડી જતામાં
ઇંડું દડ્યું નીડથી ભોંય, ફૂટ્યું
હૈયે થયો ત્યાં ફફડાટ પંખીનો !

- ઇન્દુકુમાર ત્રિવેદી.

પાથેય

- રમેશ ઠક્કર

માણસ હોવાની મજા..!

સડસડાટ જીવાતી જિંદગીમાં ઘણું ભુલાઈ જાય છે.યંત્રો સાથે જીવતો માણસ અનાયાસ યંત્રવત જીવતો થઈ જાય છે.લાગણી કે સંવેદનાના તાર આજકાલ જાણે બુઠ્ઠા થઈ ગયા છે.ચોતરફ બનતી અનેક ઘટનાઓની વચ્ચે ક્યાંય ટપકતી વેદના કે સંવેદના આપણે જોઈ શકતા નથી..માણસ બહારથી ભલે લાગણીશૂન્ય લાગતો હોય..ટેવવશ જીવતો હોય એવું પણ ક્યારેક લાગે આમછતાં માણસની ભીતર ભીનાશનું એક પડ સતત અનુભવાતું રહે છે.યંત્રવત બનાવોની વચ્ચે કદીક એવો એહસાસ થઈ આવે છે કે આપણે પણ જીવંત માણસ છીએ ! ઘર કે માળિયામાં સાફસૂફી કરતાં અચાનક એક પંખીનો માળો વિખેરાઈ જાય છે..આવી ઘટના સામાન્ય હોય છે..આપણા ઘરમાં આપણા ઉપરાંત અનેક જીવોનાં પણ ઘર હોય છે ! પરંતું આપણને મોહ ફકત આપણા ઘરનો હોય છે..આપણા બાળકને સહેજ ઠેસ વાગે તો પણ આપણી ચીસ નીકળી જતી હોય છે..અચાનક નંદવાયેલા માળામાં ઢબુરાયેલું એક ઈંડું જે એક પક્ષી થવાની આશા સાથે શ્વસી રહયું હતું એ નીચે પડીને ફૂટી જાય છે..એનો ખટકો શરીરના બાહય જગતને નથી થતો પરંતું અંદરના ભાવજગતને એ ઘટના હલબલાવી જાય છે..અને એ દઙતા ઈંડાના પીળા પ્રવાહીમાંથી ફફડાટ કરતું કોઈ પંખી જાણે ઉડી ગયું હોય એવો અનુભવ થઈ જાય છે.. મોટાભાગે આપણે ગતાનુગતિક કામો કરતા રહીએ છીએ... માણસ જયારે મનગમતું કામ કરે છે..ત્યારે જગત થનગનતું લાગે છે.આપણી મુળભુત પ્રકૃતિ શું છે ? એની મથામણ કરીએ તો આપણો આનંદ શામાં રહેલો છે એ,નકકી થઈ જાય છે..ગાંધીજી એવું માનતા કે, દરેક માણસ મુળભુત રીતે તો,સારો જ હોય છે..એજ રીતે કહી શકાય કે દરેક માણસ નો કોઈ મનગમતો મનોભાવ પણ હોય છે..અને એ મુજબ એની સંવેદના ઘડાતી રહે છે

જેના થકી એનો સ્વભાવ ઘડાતો હોય છે.તમને શું કરવામાં મજા પડે ? પુસ્તક વાંચવું ગમે કે..ઊંઘી જવું ગમે? કોઈની સાથે વાત કરવી ગમે કે..એકલા બેસી રહેવું ગમે ? સ્વાર્થ ગમે કે પરમાર્થ ? ઘણાને બીજા ને મદદરૂપ થવામાં અદકેરો આનંદ પ્રાપ્ત થતો હોયછે..સેવા કરવી કે કોઈ સદ્કાર્યમાં સહભાગી થવામાં અમુક વ્યકિતઓ અસીમ આનંદ માણે છે..સાચું સુખ શામાં છે? એવું મને કોઈ પુછે તો હું બેધડક કહું કે સાચો પરિતોષ પરોપકારી વૃત્તિમાં પડેલો છે..સુખનું જયારે વિસ્તરણ થાય છે ત્યારે એમાં જીવનનું ગંતવ્ય રહેલું હોય છે..સુખ જો સંકોચાય તો જીવનમાં કંટાળો ડોકાય છે.જે આપણી સંવેદનાને કાટ લગાડવાનું કામ કરે છે. આપણી મુસીબત એ છે કે આપણી કોઈપણ બાબત સ્વ ની આસપાસ જ આકાર લે છે..સ્વથી સર્વ સુધી જવાની ઘટના બને ત્યારે જીવન મહાપર્વ સમું બની જતું હોય છે.નેક કામ માટેની ટેક માનવતા ની આહલેક સમાન છે..આપણા મનમાં ઉઠતા ઉત્તમ મનોભાવો ને સદકાર્ય ના આલિંગન થી સત્કારીયે છીએ ત્યારે જે સંતોષ પ્રાપ્ત થાય છે એ મનુષ્યત્વની મહેંક સમાન હોય છે..!!

વિશ્વયુદ્ધની સંભાવના અકબંધ!!

તંત્રીસ્થાનેથી...

સર્વસત્તાધીશ ક્રેમલિન એના યુદ્ધ શહીદોની સાચી સંખ્યા છુપાવતું રહ્યું છે અને યુક્રેનનાં નગરો તથા જાહેર માર્ગો રશિયન સૈનિકોનાં સડી રહેલા શબોની દુર્ગંધથી તોબા પોકારી રહેલ છે. આંતરરાષ્ટ્રીય કાનૂનની તમામ નૈતિક નિયમાવલીને હાંસિલે ધકેલી દઈ રશિયાના રાજાધિરાજ યુક્રેનનને શરણે લાવવા તથા રાષ્ટ્રપતિ ઝેલેન્સ્કીને ઘૂંટણિયે પાડવા કૃતસંકલ્પ છે. એમની પ્રચંડ સેના કલાકોમાં કીવ પર કબજો કરી લેશે એવી ભૂલભરેલી ગણતરી સાથે શરૂ થયેલું યુદ્ધ મહિના પછી પણ ચાલુ રહ્યું છે. યુક્રેન ઝૂક્યું નથી. એણે પણ ખુવારી તો વેઠી છે. આખાં ને આખાં મારિયુપોલ જેવં નગરો ખંડેરમાં ફેરવાઈ ગયાં છે અને લાખો પરિવારોએ ઘરબાર છોડી સલામત સ્થળોએ, આસપાસના દેશોમાં આશ્રય લીધો છે. પરંતુ રાષ્ટ્રપતિ ઝેલેન્સ્કીની જેમ જ યુક્રેનની પ્રમાણમાં નાનકડી સેના તથા પ્રજાનું મનોબળ એટલું ઊંચું છે કે તે સામી છાતીએ પણ નમવા કે ઝૂકવા દેવા તૈયાર નથી. શરૂઆતના ગાળામાં અમેરિકાએ રાષ્ટ્રપતિ ઝેલેન્સ્કીને 'સેફ પૅસેજ' આપવાની ખુલ્લી ઓફર કરી હતી. અફઘાનિસ્તાનના અશરફ ગનીની જેમ આ દેખાવડા યુવાન રાષ્ટ્રપતિ ફરાર થઈ ગયા હોય તો પુતિનનો અહમ્ સંતોષાઈ ગયો હોત પણ એમણે વિજય ઘોષ પૂર્વક યુદ્ધવિરામ જાહેર કરી રશિયા પર લગાવાઈ રહેલા આર્થિક પ્રતિબંધો હટાવવા માટેની રજૂઆત કરવાનું જ પસંદ કર્યું હોત. પણ યુક્રેનની પ્રજા કે સેના વિશેની ધારણા સદંતર ખોટી પડી છે. પ્રજાએ દેશની આઝાદી ખાતર કુરબાન થઈ જવાની તૈયારી દાખવી છે અને ઘેર ઘેર સૈનિકો પૈદા થયા છે. મહિલાઓ પણ બંદૂક લઈને નીકળી પડી છે. રશિયન ટેન્કો અને વાહનો કે વિમાનોનો ખુરદો બોરલાવીને યુક્રેનના નાના છતાં બહાદુર સૈન્યે દાખલો બેસાડ્યો છે. એને અમેરિકા અને નાટો-યુરોપ સંઘનાં રાષ્ટ્રોએ આર્થિક સહાય ઉપરાંત શસ્ત્રો જરૂર પૂરાં પાડ્યાં છે. પણ લડવાનું તો એનો પોતાના જ બળ પર છે. ઝેલેન્સ્કીની નજર સામે એમનો દેશ ખુવાર થઈ ગયો છે. એને બેઠાં થતાં દાયકાઓ લાગશે. પરંતુ ઝનૂન એવું છે કે એ પ્રતિકારની ભાષામાં જ વાત કરતા રહે છે. પુતિન સાથે હવે પુતિનની શરતોએ સંવાદ કરવાનું નિવેદન આપીને ઢીલા પડ્યા છે જરૂર, કારણ કે નાટો કે અમેરિકાએ તો દૂર રહીને યુક્રેનની તારાજગી જ નિહાળી છે. પુતિન જો અણુશસ્ત્રોથી હુમલો કરશે તો યુક્રેનનું નામોનિશાન મટી જશે - એની ખબર હોવાથી એ સતત પુતિન સાથે વન-ટુ-વન વાત કરવાની આજીજી કરી રહ્યા છે. પુતિનનો 'ઈગો' સંતોષવા યુક્રેનની સેનાએ હથિયાર હેઠાં મૂકવાં પડે. રશિયન સેનાની ખુવારીના આંકડા છુપાવવા પડે. આમાંનું કશું કરવા ઝેલેનસ્કી તૈયાર નથી. રશિયન પ્રજા તરફ સહાનુભૂતિ દર્શાવીને એ તો ઊલટા પોતાના દેશમાં વીરગતિ પામેલા દૂધમલિયા રશિયન જવાનોની લાશો રશિયા પહોંચાડવા માગે છે. એ માટે યુક્રેનની ટ્રેનોએ રેફ્રિજરેટેડ વાન પણ પહોંચાડ્યા પરંતુ રશિયનોની એમનાં સંતાનોનાં સબ જોવા પડે એવું પુતિન ઈચ્છતા નથી. યુક્રેનની સરકારની ગણતરી મુજબ દસથી પંદર હજાર રશિયન સૈનિકો યુદ્ધોમાં માર્યા ગયા છે અને એમનાં શબોના ઢગ વળી ગયા છે. બરફની ચાદર ઓગળથી જાય છે અને ઉષ્ણતામાન વધતું જાય છે. એમ એ શબ સડવા લાગ્યા છે અને આસપાસ દુર્ગંધ ફેલાઈ રહી છે. રશિયન સરકાર એની ખુવારી છુપાવીને દુનિયાને ઉલ્લુ બનાવી રહી છે. પરંતુ તટસ્થ પત્રકારો અને રેડક્રોસ સક્ષમ અને કઠોર વાસ્તવ ખુલ્લો થઈ ગયો છે. આથી રશિયન પ્રજા પોતે પુતિન સામે રોષે ભરાઈ છે. પુતિનનાસત્તાહદોર નારાજ થઈને રાજીનામું આપી દીધું છે. રશિયાની તરફેણ કરતું ચીન પણ માનવતાના મુદ્દે ભારે અવઢવમાં મુકાઈ ગયું છે. ભારતે નાછૂટકે રશિયા દ્વારા મુકાયેલ પ્રસ્તાવની વિરુદ્ધ વોટ આપવો પડ્યો છે. રશિયાને યુક્રેનનું યુદ્ધ મોંઘું પડી રહ્યું છે. કીવમાંથી પીછેહઠ કરતી રશિયન સેના હતાશ થઈ ગઈ છે. જીદ પર આવી ગયેલા પુતિન યુક્રેનને નમાવવા અણુશસ્ત્રો વાપરશે તો વિશ્વયુદ્ધ શરૂ થઈ જશે. વિશ્વયુદ્ધ થશે તો યુક્રેન સહિત રશિયા પર ખુવાર થઈ જશે તે નક્કી છે.

સંકીર્તન, સંગીત અને સર્જકતાનો સમન્વય

અમર વારસો
ડૉ. રશ્મિકાન્ત મહેતા

(૧) કેટલાક લોકો પ્રસિદ્ધિની પાછળ દોડતા હોય છે. આ લોકો દયાને પાત્ર હોય છે. (૨) કેટલાક લોકોની પાછળ પ્રસિદ્ધિ દોડતી હોય છે. આ લોકો માનને પાત્ર હોય છે.

શાંતિભાઈ બીજી કક્ષામાં આવે. જેટલા જ્ઞાની એટલા જ વિનમ્ર. નિસ્પૃહ, પ્રસિદ્ધિની બિલકુલ ખેવના નહી. શાંતિશંકર વેણીશંકર મહેતા તો, ભાવનગરના સાંસ્કૃતિક ઈતિહાસનું, કથાકાર તરીકેના યશથી ઉજ્જવળ બનેલું પ્રકરણ છે. ભાવનગરના લોકહૈયામા સ્થાન પામી ચૂક્યા છે.

એ માત્ર કથાકાર ન હતા, સારા સંગીતકાર હતા, ઉત્તમ કવિ હતા. બીજા કથાકારો કરતાં આ એમની એકદમ વિલક્ષણતા હતી. કથાને પ્રારંભે પ્રાર્થનાઓ પોતે ગાય અને સૌ પાસે ગવરાવે. એમાંથી 'શાંતિ' પ્રાર્થના પુસ્તક તૈયાર થાય. ઈ.સ. ૧૯૫૮માં તો આની ત્રીજી આવૃત્તિ પ્રકાશિત થઈ હતી. આ લોકશિક્ષણના પ્રહરી હતા. કથાના માધ્યમથી અનાયાસે ધાર્મિકતા અને નીતિમત્તાનો પ્રસાર થઈ જતો. તદ્દન અભણ બહેનો પણ પ્રાર્થનાઓ અને સ્તુતિઓ કંઠસ્થ રાખતી.

એમની કથામાં હાજર રહેવા ડૉંગરેજી મહારાજ આવે. પં. વિષ્ણુદેવ સાંકળેશ્વર પંડિત આવે. પંડિતજી એને પોતાના 'અભિન્ન સખા' માને. સંગીતમયતા સાથે એકવાર કથામાં કરુણરસનું ગંભીર વાતાવરણ હતું. એ વખતે પંડિત વિષ્ણુ દિગંબર પલુસ્કર હાજર હતા. એ પ્રભાવમાં આવીને ધ્રૂસકે ધ્રૂસકે રહી પડ્યા. શાંતિભાઈના મિત્ર નરહરિ ભટ્ટ હતા.એમણે એમના માટે પ્રશસ્તિ કાવ્ય લખ્યું હતું. એનું એક પદ્ય -

નામ શાંતિ ધરી, કામ શાંતિ કીધું,
નહિ દંભ, દેખાવ, કે નાણું લીધું.

પીધા ઝેર - કટોરાઓ વ્હાલા તમે.
દીધાં અમૃતનાં દાન, હૈયું નમે.

શાંતિભાઈ ઉત્તમ કવિ હતા. આખ્યાનો રચતા - જેમ કે 'ધુવાખ્યાન'. એમનું સાહિત્યના ક્ષેત્રમાં સર્વોત્તમ અને અનુપમ પ્રદાન. સમશ્લોકી અનુવાદો છે. ખરા અર્થમાં અનુપમ. જે વિપુલમાત્રામાં એમણે સમશ્લોકી અનુવાદ કર્યો છે, એની સમતા બીજે કયાંય ન દેખાય. એ રીતે એણે મોટો ઉપકાર કર્યો છે. સંસ્કૃત ન જાણતો હોય, એવો મોટો વર્ગ આ સમશ્લોકી અનુવાદથી કામ ચલાવી શકે. સંસ્કૃતમાંથી, તદ્દન સરળ ગુજરાતીમાં સમશ્લોકી અનુવાદ કરવો; એ અદ્ભૂત ઘટના છે. સમશ્લોકી અનુવાદો : જેમ કે (૧) બારસ્કંધનું સમગ્ર ભાગવત્ - બારસો પાનાના બે ભાગમાં. (૨) દશ ઉપનિષદો (૩) દુર્ગાસપ્તશતી - સાતસો શ્લોકો (૪) રુદ્રીના આઠ અધ્યાય (૫) સ્તુતિઓ - અપરાધ ક્ષમાપન, શિવમહિમ્નઃ આટલું વિપુલ અનુવાદ કર્મ ભાવકને આશ્ચર્યથી મુગ્ધ કરી દે છે. માત્ર એક જ ઉદાહરણ પ્રસ્તુત છે :

અયિ અંબા હે મા ! તુજ ચરણ સેવ્યાં ન દિલથી,
અને તારા નામે અતુલ ધન માહા ! દીધું નથી.
કૃપા તાપી તોયે, મુજ પર રહી છે વરસતી.
કુપુત્રો થાયે કેં, નથી નથી કુમાતા કદી થતી.

(ક્ષમાપન સ્તોત્ર)

પેરિસ સંધિ કયા બે દેશો વચ્ચે થઈ હતી?

વિશ્વનો ઈતિહાસ

૧ બીજા વિશ્વયુદ્ધનું તાત્કાલીક કારણ શું હતું?
(અ) જર્મનીનું પોલેન્ડ પર આક્રમણ (બ) ફ્રાન્સ-ઈટલી યુદ્ધ
(ક) રશિયા-ફ્રાન્સ તકરાર (ડ) ઈંગ્લેન્ડ - ફ્રાન્સ આક્રમણ

૨ ફ્રાન્સની ક્રાંતિ દરમિયાન વિરોધીઓને કયા યંત્રથી મૃત્યુદંડ અપાતો ?
(અ) તોપથી (બ) ગિલોટીન
(ક) ગેસ ચેમ્બરથી (ડ) કટરથી

૩ વર્સેલની સંધિ કયારે થઈ ?
(અ) ૨૩ માર્ચ, ૧૯૧૯ (બ) ૨૮ જૂન, ૧૯૨૦
(ક) ૨૮ જૂન, ૧૯૧૯ (ડ) ૨૩ માર્ચ,૧૯૨૦

૪ સો વર્ષીય યુદ્ધો કયા બે દેશો વચ્ચે થયાં હતા ?
(અ) ઈંગ્લેન્ડ - ફ્રાન્સ (બ) ફ્રાન્સ - જર્મની
(ક) ઈટલી - ફ્રાન્સ (ડ) ઈટલી - જર્મની

૫ ૧૬ ડિસેમ્બર ૧૭૭૩ કઈ ઘટના સાથે સંબંધિત છે ?
(અ) અમેરિકા સ્વતંત્ર થયું (બ) બોલ્શેવિક ક્રાન્તિ
(ક) નેપોલિયન સમ્રાટ (ડ) બોસ્ટન ટી પાર્ટી

૬ કુલ્લાખાન મેંગોલીયન કયા દેશનો એમ્પરર બન્યો હતો ?
(અ) નેપાલ (બ) જાપાન
(ક) રશિયા (ડ) ચીન

૭ કાર્લ માર્ક્સ કયા દેશના વતની હતા ?
(અ) રશિયા (બ) જર્મની
(ક) ફ્રાન્સ (ડ) ઈટલી

૮ 'મેડોના' ચિત્રના સર્જક કોણ હતા ?
(અ) રાફેલ (બ) લીયો નાર્દોદ - વિન્ચી
(ક) વેલેસ્કી (ડ) જહોન મારીયો

૯ 'બ્લેક શર્ટ' કોના પક્ષનું નામ હતું ?
(અ) હિટલર (બ) મુસોલીન
(ક) ઈદી અમીન (ડ) લેનીન

૧૦ ઈવા બ્રાઉન કોની પ્રેમિકા હતી ?
(અ) હિટલર (બ) નેપોલિયન
(ક) મુસોલીન (ડ) સિકંદર

૧૧ નેપોલિયન ઈંગ્લેન્ડને કયા દેશ તરીકે ઉલ્લેખતો ?
(અ) વૈજ્ઞાનિકોનો દેશ (બ) વાણિયાઓનો દેશ
(ક) ખેડૂતોનો દેશ (ડ) રાજવીઓનો દેશ

૧૨ પેરિસ સંધિ કયા બે દેશો વચ્ચે થઈ હતી ?
(અ) ઈંગ્લેન્ડ - ફ્રાન્સ (બ) ફ્રાન્સ - અમેરિકા
(ક) ઈંગ્લેન્ડ - અમેરિકા (ડ) ઈંગ્લેન્ડ - જર્મની

૧૩ ચીને ભારત પર કઈ સાલમાં આક્રમણ કર્યું હતું ?
(અ) ૧૯૬૦ (બ) ૧૯૬૧
(ક) ૧૯૬૨ (ડ) ૧૯૬૫

૧૪ ફ્યુહર કોના માટે વપરાતો શબ્દ છે?
(અ) હિટલર (બ) નેપોલિયન
(ક) મુસોલીન (ડ) લેનિન

૧૫ ડિવાઈન કોમેડી મહાકાવ્યના સર્જક કોણ છે ?
(અ) જહોન મિલ્ટન (બ) માર્ટિન લ્યૂથર
(ક) દાન્તે (ડ) વર્જિલ

ખજાનો
અનિલ પટેલ

વિવિધા

વિષય : આ સપ્તાહમાં આવતા દિવસોની મહત્ત્વની ઘટનાઓ

- ૨૫ માર્ચ :
- મહારાષ્ટ્રીય નેતા નાના ફડણવીશનું નિધન (૧૮૦૦)
- કવિ દલપતરામની પુણ્યતિથિ (૧૮૯૮)
- ઉક્રેનિયન બોક્સર વેલ્ટમીટ કલીટ કેવેચોનો જન્મદિવસ (૧૯૭૬)
- અફઘાનિસ્તાનમાં વિનાશક ધરતીકંપમાં ૧૦૦૦ લોકો મર્યા (૨૦૦૨)
- ૨૬ માર્ચ :
- હિન્દી સાહિત્યનં કવિ મહાદેવી વર્માનો જન્મદિવસ (૧૯૦૭)
- કવિ ન્હાનાલાલનો જન્મદિવસ (૧૮૭૭)
- પ્રકૃતિ પ્રેમી ચિત્રકાર જેમ્સ ઓહુબનનો જન્મદિવસ (૧૮૫૧)
- અમેરિકન રાજનેતા નેન્સી પેલોસીનો જન્મદિવસ (૧૯૪૦)
- ૨૭ માર્ચ :
- ઉત્તર મેકડોનિયા દેશ નાટોમાં જોડાનાર ૩૦મો દેશ (૨૦૨૦)
- અમેરિકન કોમેડિયન એકટર મિલ્ટોન બેરલેનું ૯૩ વર્ષની વયે અવસાન (૨૦૦૨)
- અમેરિકન ફૂડ ને ડ્રગ વિભાગે વાયેગ્રાનો ખાસ તબીબી સારવાર માટે પરવાનગી આપી (૧૯૯૮)
- ૧૩૦૦ કિ.મી. લાંબી ઓઈલ લઈ જતી ટ્રાન્સ અલાસ્કા પાઈપલાઈન કાર્ય પૂર્ણ થયું (૧૯૭૭)
- ૨૮ માર્ચ :
- બ્રિટીશ રાઈટર વિર્ગીનિયા વોલ્ફનો જન્મદિવસ (૧૮૮૨)
- પેન્સીલવેનિયામાં આવેલ ન્યુક્લીઅર પાવર પ્લાન્ટનો ઓટોમેટિક વાલ્વ બંધ થતાં રેડિયો એક્ટીવ કિરણો લીક થયા (૧૯૭૯)
- અમેરિકાના ૩૪મા રાષ્ટ્રપ્રમુખ ડવાઈટ એસેન્યોવરનું અવસાન (૧૯૬૯)
- ફ્રાન્સ અને ઈંગ્લેન્ડે રશિયા સામે ક્રિમીયન યુદ્ધ જાહેર કર્યું (૧૮૫૪)
- ૨૯ માર્ચ :
- બોલીવુડ કલાકાર અને કોમેડિયન ઉત્પલ્લ દત્તનો જન્મદિવસ (૧૯૨૯)
- પૂર્વ બ્રિટીશ પ્રાઈમ મિનિસ્ટર સર જહોન મેજરનો જન્મદિવસ (૧૯૪૩)
- ફિલ્મ ફ્રેન્ચ મેકર અગ્નેશ વેડોનું ૯૦ વર્ષની વયે અવસાન (૨૦૧૯)
- જર્મન ખગોણશાસ્ત્રી વિલિયમ ઓલ્વર્સને વેસ્ટા નામનો લઘુગ્રહ શોધી કાઢ્યો (૧૮૦૭)
- ૩૦ માર્ચ :
- ગીતકાર આનંદબક્ષીનું નિધન (૨૦૦૨)
- જર્મન રસાયણ વૈજ્ઞાનિક રોબર્ટ બર્નેશનનો જન્મદિવસ (૧૮૧૧)
- યુકેના મહારાણી એલીમબેથની માતાનું ૧૦૧ વર્ષની વયે અવસાન (૨૦૦૨)
- ફ્રેન્ચ - કેનેડિયન પોપ સિંગર કેલીનો ડીયોનનો જન્મદિવસ (૧૯૬૮):
- ૩૧ માર્ચ :
- ૯૮૪ ફૂટ ઊંચા દુનિયાની અજાયબ એવા એફિલ ટાવરનું ઉદ્ઘાટન થયું (૧૮૮૯)
- બ્રિટીશ આર્કીટેક જહા હદીદનો જન્મદિવસ (૧૯૫૦)
- અમેરિકન ઉપપ્રમુખ અલગોરનો જન્મદિવસ (૧૯૪૮)
- કેનેડિયન બોર્ડ - અમેરિકન આઈસ હોકી પ્લેયર ગોર્ડી હોવેટનો જન્મદિવસ (૧૯૨૮)

ગયા સપ્તાહના સવાલનો જવાબ

ઉત્તરપ્રદેશની ચૂંટણીમાં ભાજપના કયા નાયબ મુખ્યમંત્રી ચૂંટણી હારી ગયા ?
જવાબ : કેશવ પ્રસાદ મોર્ય

સાચા જવાબ આપનાર પત્રમિત્રો

(૧) ઋજિત રાવલ : સે-૭ડી (૨) નટુભાઈ દરજી : પેથાપુર (૩) જયેન્દ્ર પ્રસાદ પાઠક : ઈન્ફો જુ. સા.કૉલેજ (૪) મૂળજીભાઈ પરમાર : સે-૭ (૫) મહેશ જાદવ : ગૂજરાત વિદ્યાપીઠ (૬) હાર્દિક ભટ્ટ : સે-૨૪ (૭) શિવાંગ બી પટેલ : સરગાસણ (૮) એન બી ચુડાસમા : સેકટર-૩બી

આ સપ્તાહનો સવાલ

ઉત્તરાખંડના મુખ્યમંત્રી તરીકે કોની નિયુક્તિ થઈ ?

'ગાંધીનગર સમાચાર'- ખજાનો વિભાગ
બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર

ઘંટ અને 'ઘંટારવ'

હળવે હૈયે
પ્રકાશ લાલા

ગઈ કાલે વાતાવરણ જરા ગરમ હતું... 'ગરમ' હતું એલે કંઈ બોલાચાલી, ઝઘડો, ઉગ્ર દલીલો કે છૂટા હાથની... ના કારણે 'ગરમ વાતાવરણ' હોવાથી ગેરસમજ ના કરશો !

આ તો ઘણા દિવસે વાતાવરણમાં માઈનસ ટેમ્પરેચરની ઠંડી નહોતી અને સૂરજદાદાએ 'ફૂલ મૂડ'માં દેખા દીધેલી એટલે અહીં વાતચીતના 'સ્ટાર્ટઅપ' માટે સંવાદારંભે બોલાય એણ 'વેધર ઈઝ નાઈસ ટુ ડે' જેવું વેધર હતું કાલે.... આ ગરમ વાતાવરણનો લાભ લઈને અમે 'ડાઉન ટાઉન' ફરવા નીકળી પડેલા. ચાલીને થાકતા રોડ સાઈડની બેંચ (હા, ભાઈ હા, બાંકડો !!) પર બેઠા.... રસ્તાની સામે પાર હતું એક ચર્ચ... જૂના વખતની સરસ બાંધણીવાળી ચર્ચની ઈમારત અને એના ઊંચા ટાવરે શોભતો હતો મોટો ઘંટ.... એ ઘંટ જોઈને 'માડી તારા મંદિરિયામાં ઘંટારવ બાજે...' ની માદક અમારા મનમાં 'ઘંટ' વિશેની વાતોનો 'ઘંટારવ' થવા માંડ્યો....

આ 'ઘંટ' જોતાં જ શાળા-જીવનની યાદ આવી ગઈ. વિદ્યાર્થી હતા ત્યારે જેના અવાજ કાને પડે (સ્કૂલમાં આવી ગયા પછી જ તો) એની દિવસ દરમિયાન આતુરતાપૂર્વક રાહ જોતા એ... ઘંટ એટલે રીસેસ અને શાળા છૂટવાનો સંદેશો લઈને આવતો જેનો અવાજ મધમીઠો ને મનગમતો લાગતો એ વાજીંત્ર !!

એમ તો ગામડામાં, મંદિરમાં થતો ઘંટાનાદ પણ ગમતો, કારણ કે વહેલી સવારની આરતી ટાણાનો ઘંટારવ 'જાગતે જાડિયા, ઊઠને ચા પીવા' કહીને ઊંઘમાંથી ઊઠવાના એલાર્મની ગરજ સારતો અને સંધ્યા સમયની આરતીનો ઘંટારવ પ્રસાદ માટે અમને બોલાવતો - લલચાવતો હોવાથી પ્રિય લાગતો.

ચર્ચ - દેવળ - મંદિર - દેવાલયમાં ઘંટ રાખવા ને સમયે સમયે વગાડવાની પ્રથા સૈકાઓ જૂની છે. ત્યારે પ્રેયર - પ્રાર્થના - દર્શન - આરતીના સમયની ભાવિકોને જાણ જોરથી ઘંટારવ કરીને કરાતી હશે.

મંદિરમાં દર્શનાર્થીઓની ઘંટ વગાડવાની સ્ટાઈલ્સનું તમે નિરીક્ષણ જરૂર કર્યું હશે. અમને તો એ જોવાની સાચે જ મજા પડે છે. કોઈ સંતોષી નર કે કરકસિયો જીવ મંદિર પ્રવેશ કરતાં એક બે ટકોરા વગાડી પ્રભુ ચરણમાં શિશ ઝૂકાવવા આગળ વધી જતો હોય છે. તો કોઈ વળી 'ટન્ ટન્ ટન્' એમ એક-બે નહીં આઠ-દશ ટકોર વગાડતા મચી જ પડતા હોય છે.

આવા લોકોને 'ઉડાઉ' કે 'છૂટા હાથના' કહી શકાય... જાણે કે એ પ્રભુદર્શન માટે નહીં પણ ઘંટ વગાડવા જ પધાર્યા હોય...!! એમ પમ થાય કે આ શ્રીમાન સ્કૂલમાં 'ઘંટ' વગાડવાની ડ્યુટી કરતા હશે કે શું ?

મંદિર - દેવાલયમાં આવતાં ઘંટ વગાડવા પાછળનો હેતુ ભગવાન સમક્ષ, 'પ્રભુ, આવી ગયો છું તવ ચરણે...' કહીને પોતાની 'પ્રેઝેન્સ' પુરાવાનો ખરો પણ કોઈ ધીરેથી ઘંટ વગાડીને હાજરી પૂરાવતા હોય છે તો ઘણા જોરથી, મનનો તાપ કે ઘર-ગૃહસ્થીનો ગુસ્સો મંદિરમાં ઠાલવતા હોય એમ ! કેટલાક જોરથી એક સાથે અનેક ટકોરાબંધ ઘંટનાદ કરનારા કદાચ એવું માનતા હશે કે ઈશ્વર આરામમાં છે તે જગાડું એમને.

આવા ભક્તજનને કહેવું પડે કે જાગૃત થવાની તો પ્રભુ ને નહીં, ભાઈ તમને જરૂર છે. હોય એટલું જોર લગાડીને ઘંટ વગાડવામાં આનંદ અનુભવતા ભાવિકોનો શું એણ હશે કે ભગવાન ઓછું સાંભળે છે તે જોરથી વગાડું કે પછી એવા ઘંટારવ કરનારા પોતાને કાનની તકલીફ હશે ?

ઘણા દર્શનાર્થીઓ દેવાલયમાં એન્ટ્રી કરતાં ય ઘંટ વગાડતા હોય છે ને 'એક્ઝિટ' લેતાં પણ એમ કરવાનું ચૂકતા નથી... આની પાછળનું લોજિક 'ગોડ ને ગુડ બાય' આ રીતે કરવાનું હશે ? શાંતિપ્રિય - મૃદુહૃદયે અને ઋજુ સ્વભાવની વ્યક્તિ ધીરેથી - હળવે હાથે અને ઘોંઘાટ પ્રિય - રઘવાટિયા લોકો જોરથી ઘંટ વગાડવાની ટેવ ધરાવે છે એવું અમે નોંધ્યું છે. નાનાં છોકરાઓને લઈને મંદિરમાં આવતાં મા-બાપ કે દાદા-દાદી એમને મજા પડે - બાળકો રાજી થાય તે માટે વારંવાર પોતે કે છોકરાઓને ઊંચા કરીને ઘંટારવ કરાવતા હોય છે.... યે હુઆ 'ટાઈમ પાસ' ઘંટારવ...!! મંદિરમાં આવતા ને કોઈ આવતાં -જતાં બંને વાર ઘંટ વગાડનારાઓની સામે 'બસ, દેવદર્શન એમ કામથી કામનાં આગ્રહી એકેયવાર ઘંટ નથી પણ વગાડતા એવું ય અમારા નિરીક્ષણમાં નોંધાયું છે.'

કોરોનાકાળ તો મંદિરોને તથા મંદિરના ઘંટને ય નડેલો, ખબર છે ને ? એ સમયે મોટાભાગનાં મંદિરો કાં તો બંધ રખાયા હતાં ને જે પૂરી સાવચેતી સાથે ખુલ્લાં રહ્યાં હતા ત્યાં લટકતા ઘંટ ઉતારી લેવાયેલા કે કલેવર - ટકોરાને દોરીથી બાંધી દઈ એની 'બોલતી બંધ' કરી દેવાઈ હતી, જેથી વારંવાર એને અડનારા મારફત કોરોના સ્પ્રેડ ના થાય. આ સંજોગોમાં મંદિર પ્રવેશ સાથે જ જેમના હાથ ઘંટનાદ માટે ઊંચા થઈ જતા હોય છે એમને હાથમાં જરૂર સળવળાટ થઈ જતો હશે પણ, શું થાય ? જો કે ઈશ્વરના કાનને 'ટન્ ટન... ટન્' થી જરૂર આરામ મળ્યો હશે.

પાંચ-સાત ધાતુઓના મિશ્રણથી ઘંટ ઢાળવામાં આવે છે. 'ઘંટારવ' મંદિરના વાતાવરણને પવિત્ર બનાવે છે. શુભ તત્વો અંદર પ્રવેશે છે ને અશુભ - આસુરી તત્ત્વો નાસી જાય છે. મંદિરમાં પ્રવેશતા ઘંટ વગાડવાથી મનમાં ચાલતા આડા-અવળા વિચારો બંધ થઈ જાય છે ને મનની એકાગ્રતા આવે છે, જે પ્રભુભક્તિમાં ચિત્તને ઓતપ્રોત બનાવે છે. ઘંટારવના વાઈબ્રેશન પણ મનને - હૃદયને શાંતિ અને એકાગ્રતા આપવાનું કાર્ય કરે છે.

અનુસંધાન પાના નં. ૭ પર

દિન મહિમા

- ૧૮૯૮ - દલપતરામની પુણ્યતિથિ, ગુજરાતીકવિ.
- ૨૦૦૬ - ચંદ્રકાત બક્ષીની પુણ્યતિથિ, ગુજરાતી લેખક.

આજનું

ઔષધ

- સાકર અને ધાણાનું ચૂર્ણ પાણીમાં પીવાથી પેટની બળતરા મટે છે.

ખડખડાટ

- મગન : હું Shaadi.com પર રજીસ્ટર્ડ છું. શાંતા : પણ હું jivansaathi.com પર રજીસ્ટર્ડ છું. મગન : તો તને શું વાંધો છે? શાંતા : મારા બાપા બીજી .comમાં લગન કરવાની ના પાડે છે...!

આજનો

વોટ્સએપ

- પરિશ્રમ કરવો એ પરમાત્માની પ્રાર્થનાનું જ એક સ્વરુપ છે.